# સુરત મહાનગરપાલિકા
# નગર રચના યોજના,
# સુરત નં.૭૫ (વેસુ-મગદલ્લા-ગવિયર-આભવા)
## અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત યોજનાનો મુસદ્દો (મુસદ્દારૂપ યોજના) ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ની કલમ ૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામા આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : પ્રારંભિક નગર રચના યોજના નં.: ૨ (વેસુ-ભરથાણા વેસુ), મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૯ (વેસુ) તથા પ્રારંભિક નગર રચના યોજના નં.૭ (વેસુ-મગદલ્લા)

દક્ષિણે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯ (આભવા) તથા મોજે : આભવા, મગદલ્લા, વેસુ તથા ગવિયરનો એગ્રીકલ્ચર ઝોનમાં પડતો વિસ્તાર

પૂર્વે : મોજે : વેસુનો એગ્રીકલ્ચર ઝોનમાં પડતો વિસ્તાર

પશ્ચિમે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૧ (ગવિયર-મગદલ્લા) તથા મોજે : ગવિયરનો એગ્રીકલ્ચર ઝોનમાં પડતો વિસ્તાર

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેરજનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્ય પત્રમાં ઉપરોક્ત અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાની અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધા / સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

નં.પી.આર.ઓ./૭૮૧/૨૦૧૧-૧૨
તા.૨૭-૦૩-૨૦૧૨

ગુજરાત સમાચાર તા: 28-03-2012